# સત્સંગ સમાચાર

## બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ પ્રાગટ્યપર્વ

૨૮ માર્ચ, ફાગણ સુદ પૂનમ-હોલિકાના અતિ પાવન દિવસે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના ૧૯૩મા પ્રાગટ્યપર્વે ડિજિટલ માધ્યમથી અદ્‌ભુત સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે અનુપમ મિશન, ઇંગ્લૅન્ડના અક્ષરમુક્ત સતીશભાઈ ચતવાણી દ્વારા ભગતજી મહારાજનાં માહાત્મ્યગાન થયાં. વળી, પ્રતિ રવિવારે યોજાતી અક્ષરવૃંદની સભા હોવાથી તેમાં નવધાભક્તિ પૈકીની પ્રથમ શ્રવણભક્તિ પર સતીશભાઈએ પ્રકાશ પાથર્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં 'વચનામૃત', 'સ્વામીની વાતુ', 'યોગીગીતા' અને સંતભગવંત સાહેબજીનાં પ્રવચનોનો આધાર લઈ શ્રવણભક્તિની માર્મિક વાતો તેઓએ કરી. તેમજ સંતભગવંત સાહેબજીના મંગલ પ્રાગટ્યને અનુલક્ષ્યે સ્વાનુભવનાં વર્ણન કરી સાહેબજીના માહાત્મ્યનું પણ અદ્‌ભુત ગાન કર્યું.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા અને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના અપૂર્વ માહાત્મ્યની વાતો કરી તથા સંબંધીમાત્રને બ્રહ્મની મૂર્તિ માની, પ્રભુના ભાવે તેઓ સાથે વર્તન-વ્યવહાર કરવાની સમજણ આપી. ઉપાસના પ્રસરાવવાનું જે કાર્ય ભગતજી મહારાજે કર્યું તેના અકલ્પનીય માહાત્મ્યનો ઉલ્લેખ સાહેબજીએ કર્યો. આવાં ગુણાતીત સ્વરૂપો માટે સર્વસ્વ ન્યોછાવર કરી ભક્તિમાં લીન રહેવા આહ્‌લેક જગાવી. આ ઑનલાઈન સત્સંગસભામાં દેશ-પરદેશના સેંકડો સંતો-અક્ષરમુક્તોએ જોડાઈને પ્રેરક સત્સંગલાભ પ્રાપ્ત કર્યો. ◆

## સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વ નિમિત્તે માહાત્મ્યદર્શન સભા


સંતભગવંત સાહેબજીના ૮૨મા મંગલ પ્રાગટ્ય અવસર નિમિત્તે યોજિત સત્સંગસભાઓમાં સંતો અને અક્ષરમુક્તોએ માહાત્મ્યગાન કર્યાં. સંતભગવંત સાહેબજી સાથેના પોતાના જીવનનાં દિવ્ય સંસ્મરણો, આધ્યાત્મિક અનુભવો, ચિરસ્મરણીય સ્મૃતિઓ અને ગુરુપ્રેમની અમૃત લાગણીઓને વ્યક્ત કરી.

આ માહાત્મ્યદર્શન સભા-શૃંખલામાં સાધુ પૂ. સુનીલદાસ, સાધુ પૂ. બિમલદાસ, સાધુ પૂ. ગૌતમદાસ, સાધુ પૂ. યજ્ઞેશદાસ, સાધુ પૂ. અર્પિતદાસ આદિ સંતોએ તેમજ ઝવેરીભાઈ સુખડિયા (ચેન્નાઈ), રંજનબહેન પટેલ (નિઝર), પ્રેરણાબહેન પટેલ (યુ.એસ.એ.), ધનંજય પટેલ (મોગરી), ઋષિતા પટેલ (યુ.એસ.એ.), બિમલભાઈ શેઠ (યુ.એસ.એ.), જિતુભાઈ પોપટ (વલ્લભવિદ્યાનગર), સોનલબહેન દેસાઈ (યુ.એસ.એ.) આદિ અક્ષરમુક્તોએ મહિમાગાન કરી ભક્તિ અદા કરી. 'વાત્સલ્યમય સાહેબજી', 'સરળ માર્ગે ધ્યેય તરફ દોરનારા સાહેબજી', 'સાહેબજી અમારું સર્વસ્વ', 'સાહેબજી સંગે પલટાયું અમ જીવન' આદિ વિષયો પર ગુરુહરિના અખૂટ માહાત્મ્યને પ્રસરાવી સૌ સંતો અને અક્ષરમુક્તોએ પોતાના હૈયામાં વસેલી દિવ્ય લાગણીઓ તેમજ ગુરુભક્તિને અર્પણ કરી.

આ ઉપરાંત, સપ્તાહના પ્રત્યેક ગુરુવારે ઇન્ટરનૅશનલ યુવકોની ગુરુસભા અને શુક્રવારે ઇન્ટરનૅશનલ યુવતીઓની સભાઓ યોજાઈ, તેમાં પણ ઊછરતી પેઢીએ સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યમંગલ અવસરે અનુપમ મહિમાદર્શન કરાવ્યાં. ◆



હોલિકા પર્વ-બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ પ્રાગટ્યમંગલે સાહેબજીનાં આશીર્દાન



ફૂલદોલોત્સવ-સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વે આશીર્દાન

## અનુપમ ઈન્ટરનેશનલ બાળસભામાં સંતભગવંત સાહેબદાદાના પ્રાગટ્યપર્વની ભવ્ય ઉજવણી

સંતભગવંત સાહેબદાદાએ પોતાના દિવ્ય જીવન અને બ્રહ્મસ્વરૂપ અવસ્થાનાં સહજ દર્શન દ્વારા સૌ કોઈ જીવનાં જીવન પર કૃપા વરસાવી છે. તેમાંના જ અનુપમ પરિવારનાં સત્સંગી માતા-પિતાનાં બાલ-બાલિકાઓ માટે કોરોનાકાળમાં સાહેબદાદા અને સદ્‌ગુરુ સંતોએ તેમને સુંદર મજાની બાળસભાની ભેટ આપી અદ્‌ભુત કૃપા કરી ! તે ઋણ ચૂકવવાના ભાવથી સાહેબદાદાને તેઓના ૮૨મા પ્રાગટ્યપર્વે બાળસભાનાં લગભગ ૨૦૦ જેટલાં બાળકોએ કાર્યકર્તાઓની મદદથી ઑનલાઈન માધ્યમથી સુંદર ભવ્ય કાર્યક્રમ યોજી પોતાની કાલીઘેલી અભિવ્યક્તિથી સાહેબદાદાના પ્રાગટ્યદિનની ઉજવણી કરી, કૃતજ્ઞતાનો ભાવ અર્પણ કર્યા.

સાહેબદાદાએ પોતાના જીવનના ૮ દાયકા પૂર્ણ કર્યા છે ત્યારે ‘ગુરુમહિમા’ અને ‘ગુરુકૃપા’ની થીમ પર બાળકોએ સાહેબદાદાના બાળ તેમજ કિશોર અવસ્થાના ૮ પ્રસંગોને ડ્રામા સ્વરૂપે ભજવી તેઓના શ્રીચરણે આભારસહ ભાવ ધર્યા કે, 'આપે અમને સહજ જ આપના જીવન દ્વારા અનેક જીવનમૂલ્યો શીખવ્યાં છે, જેના માટે અમે હંમેશાં આભારી રહીશું.' તો વળી દરેક દેશ અને દરેક મંડળનાં બાળકોએ 'સાહેબદાદા સાથેની મારી સ્મૃતિ' અંતર્ગત પોતાના જીવનના સાહેબદાદા સાથેના પ્રસંગો વર્ણવી સાહેબદાદાએ વરસાવેલ કૃપા, પ્રેમ અને કરુણાનાં સુંદર મહિમાગાન પ્રસ્તુત કર્યાં. અંતે, સાહેબદાદાએ જ સઘળું આપ્યું છે તો તેમને ગિફ્ટમાં શું આપવું ? તેવા ભાવ સાથે આદર્શ જીવન જીવવાના ૧૧ સંસ્કાર - જેમ કે, રોજ સવારે પૂજા કરીશું, રોજ માતા-પિતાને પગે લાગીશું, સારું બોલીશું-જોઈશું-સાંભળીશું આદિ જુદા જુદા નિયમ-સંકલ્પ લઈને સાહેબદાદાને સુંદર ભેટ અર્પણ કરી.

સૌ બાળ અક્ષરમુક્તો દ્વારા ૩૧ માર્ચ, ભારતના રાત્રે ૮ વાગ્યાથી ઑનલાઈન માધ્યમથી પ્રિરૅકોર્ડેડ કાર્યક્રમ રજૂ થયો, જેમાં દેશ-વિદેશના સંતો-ભક્તો પણ બાળકોને ઉત્સાહ આપવા જોડાયા. કાર્યક્રમ બાદ ખૂબ કૃપા કરી હરિધામ સોખડાથી પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીના રૂડા આશીર્વાદ પ્રાપ્ત થયા અને બ્રહ્મજ્યોતિથી સદ્‌ગુરુ સંત પ.પૂ. શાંતિદાદાએ અત્યંત રાજીપા સહિત સૌ બાળકો-માતાપિતા અને કાર્યકર્તાઓને બિરદાવી ખૂબ બળ પૂર્યાં. વિશેષ તો, બાળકોને સુંદર માર્ગદર્શન આપી કાર્યક્રમ સાકાર કરવામાં સેવાપ્રવૃત્ત યુવાસાધુ પૂ. સરજૂદાસની ભક્તિને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા. સૌ નાનાં બાળસ્વરૂપોની અકલ્પનીય ભક્તિ માણી કૃતાર્થ થયાં. ◆

## યુવાનોની ગુરુસભામાં સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ

અનુપમ મિશનમાં ચાલતી યુવાનોની અઠવાડિક સત્સંગસભા-ગુરુસભામાં ૧ એપ્રિલના રોજ ડિજિટલ માધ્યમ દ્વારા સંતભગવંત સાહેબજીના ૮૨મા પ્રાગટ્યપર્વની 'ચાલો સાહેબ પ્રગટાવીએ' થીમ પર ભવ્ય ઉજવણી કરવામાં આવી. પરસ્પર સાહેબ પ્રગટાવવાના ભાવને એટલે કે, સંપ, સુહૃદભાવ અને એકતા સ્થાપી, ભગવાનનાં કાર્ય કરવા, પ્રત્યેકમાં સાહેબજીનાં દર્શન કરી, તે જ પ્રમાણે વિચાર, વાણી અને વર્તન કરવાના ભાવને આ કાર્યક્રમમાં પ્રસ્તુત કરવામાં આવ્યો. વક્તવ્ય, વિશિષ્ટ ભાવપ્રસ્તુતિ, સંગીત અને નૃત્યભક્તિનો આધાર લઈને અદ્‌ભુત કાર્યક્રમ રજૂ કરાયો. આ દિવસે અ.નિ. સદ્‌ગુરુ સંત પૂ. વિઠ્ઠલભાઈ (વી.એસ.)નો પ્રાગટ્યદિન અને અક્ષરધામગમન દિન હોવાથી કાર્યક્રમના આરંભે વિડિયો ડૉક્યુમૅન્ટરી સ્વરૂપે તેઓને સ્મરણાંજલિ અર્પણ કરવામાં આવી.

આ કાર્યક્રમમાં હર્ષ સોની દ્વારા સ્વાનુભવને વર્ણવતું વક્તવ્ય અપાયું અને ત્યારબાદ દેશ-પરદેશમાં રહી સત્સંગનું સુકાન સંભાળતા અનેક



અનુપમ ઈન્ટરનૅશનલ બાળસભામાં પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીના આશીર્વાદ



સાહેબજી પ્રાગટ્યોત્સવ પ્રસંગે ગુરુસભામાં સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના આશીર્વાદ

યુવાનોએ વિશિષ્ટ ભાવપ્રસ્તુતિ દ્વારા પરસ્પર સાહેબ પ્રગટાવવાની અદ્‌ભુત પ્રેરક પ્રાર્થનાઓ વ્યક્ત કરી. 'મ્યુઝિકલ મૅલડી'માં વિવિધ ભાષા, સંસ્કૃતિ અને સંગીત વાદ્યોના માધ્યમથી સાહેબદાદાને પ્રાગટ્યપર્વે વંદના ધરવામાં આવી. ભલે જુદી ભાષા, અલગ સંસ્કૃતિ હોય પણ સાહેબદાદાના પ્રેમને સૌ પામી શકે છે, તે ભાવના આ કાર્યક્રમ દ્વારા વ્યક્ત થઈ. 'નૃત્યભક્તિ' દ્વારા પણ સાહેબ પ્રગટાવવાની કલાત્મક પ્રસ્તુતિ કરવામાં આવી. નૂતન કીર્તન પર યુવાનોએ જોશસભર નૃત્ય દ્વારા સંદેશાત્મક ભક્તિ અદા કરી.

આખાય કાર્યક્રમમાં સાધુ પૂ. પરેશદાસ, સાધુ પૂ. યજ્ઞેશદાસ, સાધુ પૂ. કેયૂરદાસ, સાધુ પૂ. શ્રેયસદાસ, સાધુ પૂ. અનિલદાસ, ધનંજયભાઈનાં માર્ગદર્શને યુવાસાધુ પૂ. હરમીતદાસે વિડિયો શૂટિંગ અને ઍડિટિંગ, નીરવ અને નીલકંઠ દ્વારા નૃત્ય અને કલાનાં દિગ્દર્શન, રાહુલભાઈ દ્વારા ઑડિયો રૅકોર્ડિંગ, ભજન રચના અને કમ્પોઝિંગ, નિખિલ દ્વારા સંગીત સંયોજનની ભક્તિ અદ્‌ભુત માહાત્મ્ય સાથે અર્પણ થઈ. સુંદર થીમ પર ટૅકનોલૉજીનો ઉપયોગ કરી ભાવનાપૂર્ણ પ્રસ્તુતિ કરનાર સૌ યુવાનોની સેવાને સદ્‌ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ બિરદાવી આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

### અનુપમ ઈન્ટરનેશનલ યુવતી સભામાં
### સંતભગવંત સાહેબદાદાના પ્રાગટ્યપર્વે અખંડ જપયજ્ઞ

અનુપમ મિશન ઈન્ટરનેશનલ યુવતી સભામાં સંતભગવંત સાહેબદાદાના પ્રાગટ્યપર્વ નિમિત્તે ડિજિટલ માધ્યમના ઉપયોગ દ્વારા ૨૦ કલાકના અખંડ 'સ્વામિનારાયણ' મહામંત્રના જાપ કરી ભક્તિ અર્પણ થઈ. સંતભગવંત સાહેબદાદાના નિરામય દીર્ઘાયુ માટે તેમજ સત્સંગ સમાજના સૌ સંતો-ભક્તોની સર્વ પ્રકારે રક્ષા થાય તે ભાવથી આ જપયજ્ઞમાં યુવાન દીકરીઓ દ્વારા પ્રાર્થના કરવામાં આવી. આ ભક્તિયજ્ઞમાં ન્યૂઝીલૅન્ડ. ઑસ્ટ્રેલિયા, યુ.કે., કૅનેડા, યુ.એસ.એ. અને ભારતની યુવતીઓ સાથે મોટી સંખ્યામાં અક્ષરમુક્તો અને સંતોએ પણ પોતપોતાના દેશના ટાઈમ ઝૉન પ્રમાણે ભક્તિભાવે જોડાઈને પ્રાર્થનાઓ કરી.

### યુ.કે.માં સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ

છેલા લગભગ પાંચ દાયકાથી યુ.કે.ની ધરતી પર અવારનવાર પધારી સંતભગવંત સાહેબજીએ પરદેશમાં સત્સંગની જે અહાલેક જગાવી છે તેના આનંદની અનુભૂતિ સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વે ઈંગ્લૅન્ડના સ્થાનિક ભક્તો દ્વારા ઑનલાઈન માધ્યમ પર વ્યક્ત કરાઈ. સમગ્ર માર્ચ માસ દરમિયાન યુ.કે.માં સાધુ પૂ. હિંમતસ્વામીનાં માર્ગદર્શને ઑનલાઈન સભાઓ યોજાઈ, જેમાં સૌએ સંતભગવંત સાહેબજીના માહાત્મ્યનાં અપૂર્વ ગાન કર્યાં અને સત્સંગની અનિવાર્યતા અંગેની વિશેષ વાતો કરી.

૨૩ માર્ચના રોજ ડિજિટલ માધ્યમથી દીપકભાઈ કોટેચાના નેતૃત્વે યુવાનો-યુવતીઓ દ્વારા સુંદર કીર્તનવંદના અર્પણ કરવામાં આવી અને સંતભગવંત સાહેબજીના જીવનની વિશિષ્ટ રીતે ઝાંખી કરાવવામાં આવી. સદ્‌ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદાના શ્રીમુખે પ્રગટ થયેલી સંતભગવંત સાહેબજીના માહાત્મ્યની સરવાણીને પણ આ પ્રસંગે સાંકળી લેવામાં આવી. ૨૯ માર્ચ-ધુળેટીના મંગલ દિને સૌએ ડિજિટલ માધ્યમથી એકત્ર થઈ, અખંડ ધૂન-પ્રાર્થનાઓ કરી અને સંતભગવંત સાહેબજીના નિરામય દીર્ઘ આયુષ્ય માટે અંતરની ભાવનાઓ વહાવી. ◆

### અમૅરિકા-કૅનેડામાં સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ

**અમૅરિકા-કૅનેડા :** ૨૭, ૨૮ અને ૨૯ માર્ચ ૨૦૨૧ દરમિયાન સાધુ પૂ. જયેશદાસ અને અનુપમ મિશન, અમૅરિકાના ટ્રસ્ટીઓની પ્રેરણાથી અમૅરિકા અને કૅનેડાના અક્ષરમુક્તોએ ભેગા મળીને સંતભગવંત સાહેબજીના ૮૨મા પ્રાગટ્યપર્વની ત્રિદિવસીય ઉજવણી ડિજિટલ



યુવાનોની ગુરુસભામાં પ્રસ્તુત 'ચાલો... સાહેબ પ્રગટાવીએ' કાર્યક્રમની ઝલક




અનુપમ મિશન, યુ.કે. ખાતે સાહેબજી પ્રાગટ્યપર્વનાં ભક્તિભર્યાં સુશોભન

માધ્યમ દ્વારા કરી. સૌ સંતો અને અક્ષરમુક્તોએ સંતભગવંત સાહેબજીએ કરેલા સૌના સર્વાંગી વિકાસ અને આધ્યાત્મિક ઉત્થાનની વાતો સહર્ષ વ્યક્ત કરી તેમજ સંતભગવંત સાહેબજીના પ્રેમને પરિણામે હઠ, માન અને ઈર્ષ્યાના ભાવો નિર્મૂળ થયા તેની અનુભૂતિ પણ પ્રસ્તુત કરી.

સાધુ પૂ. કૌશિકદાસ અને સાધુ પૂ. નરેન્દ્રદાસે પોતાના અનુભવોનાં વર્ણન કરી ગુરુહરિ સંતભગવંત સાહેબજીના માહાત્મયની વાતો કરી. આ સભાઓમાં સંતો સહિત ૩૬થી વધુ ભાઈઓ-બહેનો તથા યુવાનો-યુવતીઓએ માહાત્મ્યગાન કર્યાં. જીવનના સારા-નરસા પ્રસંગે પ્રભુના કર્તાપણાના ભાવને સ્વીકારવાનું, તકની સેવા ઝડપી સમર્પણ કરવાનું, કોરોના જેવા કાળમાં પણ સમત્વ રાખી સત્સંગના સુખે સુખી થવાનું અદ્‌ભુત માર્ગદર્શન સાહેબજી આપી રહ્યા છે, તે અનુભૂતિની વાતો સહજ સૌનાં હૈયાંને સ્પર્શી ગઈ.

આ ઉપરાંત, અમૅરિકાના વિવિધ પ્રદેશોમાં વસતા ધર્મેન્દ્રભાઈ, અમિતભાઈ, મિહિરભાઈ અને કૅનેડાથી યેશાબહેને અદ્‌ભુત કીર્તન ભક્તિ પ્રસ્તુત કરી. યુટ્યૂબના માધ્યમથી યોજાયેલ આ કાર્યક્રમમાં મિહિરભાઈએ ટૅક્નિકલ સેવા પ્રદાન કરી અને શિકાગોના હર્ષ પટેલ દ્વારા સભાનાં અદ્‌ભુત સંચાલન થયાં.

આ પ્રસંગે સદ્‌ગુરુ સંતો પૂ. શાંતિદાદા, પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ સૌને નિર્દોષ માની, સૌમાં દિવ્યભાવ સેવી ભક્તિ કરવાની અદ્‌ભુત વાતો કરી, સૌની ભક્તિ અને સમર્પણને બિરદાવી આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

**ફ્લૉરિડા :** અમૅરિકાના ફ્લૉરિડા કેન્દ્રમાં અનુપમ મિશનના મંદિરે સંતભગવંત સાહેબજીના ૮૨મા પ્રાગટ્યપર્વની ઉજવણી સ્થાનિક અક્ષરમુક્તોએ એકત્ર થઈને, સામાજિક અંતર જાળવીને ભક્તિભાવે સંપન્ન કરી. આ પ્રસંગે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનાં જીવનચરિત્રો અને કાર્યોનાં માહાત્મ્યગાન પણ થયાં. હોલિકા ઉત્સવ નિમિત્તે હોલિકા દહન કરી પારંપરિક ઉત્સવની ઉજવણી કરવામાં આવી. અનેક અક્ષરમુક્તો દ્વારા પ્રાસંગિક માહાત્મ્યગાન દ્વારા સંતભગવંત સાહેબજી પ્રતિના પ્રેમ અને ગુરુભક્તિના ભાવને વ્યક્ત કરાયો. સૌએ ભેગાં મળી ગુરુપ્રાગટ્યે સહજાનંદની અનુભૂતિ કરી. ◆

**વેસ્ટકોસ્ટ રિજિયન :** અમૅરિકાના સિઍટલ, લોસ ઍન્જલસ, સાન ફ્રાન્સિસ્કો મંડળ અને કૅનેડાના વાનકુંવર મંડળના વૅસ્ટ કૉસ્ટ રિજિયનના અક્ષરમુક્તોએ ડિજિટલ માધ્યમ અને ટૅકનોલૉજીનો અદ્‌ભુત ઉપયોગ કરીને સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવની ભક્તિભીની ઉજવણી કરી. વડીલોનાં માર્ગદર્શને યુવાનેતા ચેતનભાઈ પટેલ અને યુવાનોની ટીમની આગેવાની હેઠળ બાળકો-બાલિકાઓ, યુવાનો-યુવતીઓ, ભાઈઓ-બહેનોએ પાંચ દિવસના વિવિધ કાર્યક્રમો સાકાર કરી અલૌકિક ગુરુભક્તિ અદા કરી. ભજન અંતાક્ષરી, યૂથ ડ્રામા, સાહેબજીના જીવનના દિવ્ય પ્રસંગો, બાળકો દ્વારા મહાપૂજા, કીર્તનોનાં ગાન, નૃત્ય, અનુભવદર્શન, સંતભગવંત સાહેબજીની અમૅરિકા અને કૅનેડાની પ્રસાદીનાં સ્થાનોનાં દર્શન આદિ દ્વારા સૌને અલૌકિક સત્સંગલાભ અપાવ્યો. અનુપમ મિશન પ્રેરિત ગુજરાતીના વર્ગોમાં અમૅરિકાનાં જે બાળકો ગુજરાતી ભાષા શીખે છે, તેવાં સૌ બાળકોએ કલાત્મક કાર્ડ બનાવી, તેમાં ગુજરાતીમાં પ્રાર્થના લખી સાહેબદાદા પ્રત્યેની પોતાની ભક્તિ અદા કરી.

ટૅકનોલૉજીનો ખૂબ સુંદર ઉપયોગ કરી ઑનલાઈન માધ્યમ દ્વારા આ કાર્યક્રમ પ્રસ્તુત કરાયો, જેનો લાભ દેશ-પરદેશના અનેક અક્ષરમુક્તોએ લીધો. આ પ્રસંગોમાં ભારતથી સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકા, સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદા, સાધુ પૂ. પરેશદાસ, સાધુ પૂ. ઉત્પલદાસ, જ્યોતિબહેન પોપટ, જિતુભાઈ પોપટ આદિ ભક્તો અને અમૅરિકાથી સાધુ પૂ. જયેશદાસ તેમજ વીરેન્દ્રભાઈએ જોડાઈને આશીર્વાદ વરસાવી સૌને ખૂબ પ્રોત્સાહન અને બળ આપ્યાં. સૌની ભક્તિને બિરદાવી સૌને ખૂબ આનંદ કરાવ્યો. ◆



ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરે સાહેબજી પ્રાગટ્યપર્વની ભક્તિભરી ઉજવણી



ફ્લૉરિડા-યુ.એસ.એ. મંદિરમાં સાહેબજી પ્રાગટ્યોત્સવની ઉજવણી

## વેમાર મંદિર પંચમ પાટોત્સવ

૨૩ માર્ચ, ૨૦૨૧ના રોજ ઉપાસના ધામ, વેમાર મંદિરમાં બિરાજમાન શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓના પંચમ પાટોત્સવ અને સંતભગવંત સાહેબજી મહારાજના ૮૨મા પ્રાગટ્યદિનની ભક્તિસંપન્ન ઉજવણી સાધુ પૂ. ઘનશ્યામદાસ અને જૂજ હરિભક્તોની ઉપસ્થિતિમાં સામાજિક અંતર રાખીને તેમજ ડિજિટલ માધ્યમનો ઉપયોગ કરીને કરવામાં આવી.

પાટોત્સવવિધિ સ્થાનિક યુવાનો ઉમેશભાઈ અને સમીરભાઈએ કરાવી. પાટોત્સવ મહાપૂજામાં મુખ્ય યજમાનપદે સાધુ પૂ. ઘનશ્યામદાસ બિરાજ્યા અને સાથે વડીલ અક્ષરમુક્ત ચંદ્રકાંતભાઈ પટેલ, ગજાનનભાઈ પટેલ, રાકેશભાઈ અને રાજુભાઈ પટેલ પણ જોડાયા. ચિરાગભાઈએ યજમાનોનાં પૂજન કર્યાં, મનીષભાઈએ રક્ષાસૂત્રબંધન અને યોગેશભાઈએ ખેસ અર્પણ કર્યાં. ભાવવાહી શ્લોકોચ્ચાર સાથે સુંદર ઢબે મહાપૂજા સંપન્ન કરવામાં આવી.

પાટોત્સવ આરતી સાધુ પૂ. ઘનશ્યામદાસે અર્પણ કરી. ચંદ્રકાંતભાઈ અને ઉમેશભાઈએ પ્રાસંગિક મહિમાગાન કર્યાં તેમજ સાધુ પૂ. ઘનશ્યામદાસે આશીર્વાદ આપી સૌને મહિમાથી તરબોળ કર્યા. પૂજારી ચિરાગભાઈએ શ્રી ધામ-ધામી-મુક્તની મૂર્તિઓના શણગાર ભક્તિભાવે ખૂબ જ સુંદર કર્યા હતા. તેમની સેવાને સૌએ બિરદાવી. ઉમેશભાઈએ કીર્તનભક્તિ સાથે સાથે પાટોત્સવની સુંદર મહાપૂજાવિધિ કરાવી. ◆

## શ્રદ્ધાંજલિ



**∗ પૂ. ગીતાબહેન નટવરલાલ પરમાર :** અનુપમ મિશનના સાધુ પૂ. અનિલદાસનાં પૂર્વાશ્રમનાં માતુશ્રી અમદાવાદ નિવાસી મુક્તરાજ પૂ. ગીતાબહેન ૧૬ માર્ચ ૨૦૨૧ના રોજ અક્ષરધામ સિધાવ્યાં. ગુરુહરિ પપ્પાજીનાં દર્શન અને અનુભવે પપ્પાજી માટે સર્વોપરીભાવ તેઓના અંતરમાં થયો ત્યારથી ભગવાનના ભક્તોની સેવા, ભજન, સમાગમ એ જીવનધ્યેય બન્યાં. પ્રગટ પ્રભુના સ્વરૂપમાં એકધારી નિષ્ઠાથી જીવન જીવ્યાં. આવો જ ભાવ સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોમાંપણ સેવ્યો. તેમણે તેમનો ભક્તિનો વારસો તેમનાં સંતાનો મહેશભાઈ, પલ્લવીબહેન (અમેરિકા), પ્રીતિબહેન (અમેરિકા), મીનાભાભીને આપ્યો. વળી તેઓના સુપુત્ર સાધુ પૂ. અનિલદાસને અનુપમ મિશનના વ્રતધારી સાધુ તરીકે પ્રભુ ભજવા બળ પૂરી માતૃત્વ દીપાવ્યું. એમણે એક ચૈતન્યમાધ્યમ જેવું કાર્ય કરી ઘણા જીવોને અધ્યાત્મમાર્ગે ચાલતાં કર્યા. આવા અનુપમ મુક્તરાજને અનંત વંદન ! ◆



**∗ પૂ. સુશીલાબહેન રંગવાલા :** વડોદરાનિવાસી અક્ષરમુક્ત પૂ. સુશીલાબહેન દિલીપભાઈ રંગવાલા ૨૦ માર્ચ ૨૦૨૧ના રોજ અક્ષરનિવાસી થયાં. અનુપમ મિશનના પાયાના સત્સંગીઓ પૈકી તેઓ સમર્પિત ભક્ત. ઈ.સ. ૧૯૮૩થી તેઓ અનુપમ મિશનના સત્સંગમાં જોડાયાં અને વડોદરામાં રહી સત્સંગની પ્રવૃત્તિઓમાં સક્રિય બન્યાં. સદ્ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદા સાથે જીવની આત્મબુદ્ધિ અને પ્રીતિ કરી દિવ્યભાવ સુદૃઢ કર્યો. જેને પરિણામે સંતભગવંત સાહેબજીમાં પ્રગટ પ્રભુના અનુભવ પામી જીવનપર્યંત માહાત્મ્યપૂર્ણ ભક્તિ કરી જીવતર ધન્ય કર્યું. તેઓનાં બંને દીકરાઓ વડોદરા સ્થિત ધર્મેશભાઈ-તેજલબહેન અને કેનેડા સ્થિત વિશાલભાઈ-મનિષાબહેને સંસ્કારવારસો દીપાવી આજે સત્સંગનાં કાર્યોમાં આગેવાની લીધી છે. પૂ. સુશીલાબહેને સમૈયા-ઉત્સવમાં રસોડા વિભાગની સેવાઓ તથા રોજિંદા જીવનમાં મંત્રલેખનની સેવાને પ્રાધાન્ય આપી અદ્ભુત ભક્તિ અદા કરી. આવા ભક્તિસંપન્ન અક્ષરમુક્તને વિદાયવેળાએ વંદના ! ◆



**∗ પૂ. ભીખુભાઈ પટેલ :** અનુપમ મિશનના વ્રતધારી સંત પૂ. બિપિનદાસના પિતાશ્રી પૂ. ભીખુભાઈ ૮૮ વર્ષની ઉંમરે ટૂંકી માંદગી બાદ ઊંડાચ મુકામે ૨૩ માર્ચ ૨૦૨૧ના રોજ અક્ષરધામ સિધાવ્યા. ખૂબ ઓછાબોલા અને ભક્તહૃદયી ભીખુભાઈએ જીવનપર્યંત ભગવાનની ભક્તિમાં જ સમય વિતાવ્યો. પોતાના મોટા પુત્ર બિપિનભાઈને મિત્ર પૂ. રમેશભાઈ સાથેની મિત્રતાને પરિણામે વૈરાગ્ય થયો, જેને ભીખુભાઈએ સહજ સ્વીકાર્યું અને સાધુ થવા રાજીખુશીથી રજા આપી જીવનભરનું પુણ્ય એકત્ર કરી લીધું. નાના બે દીકરાઓ તથા દીકરીને પણ સંસ્કારવારસો આપ્યો. તેઓને બ્રહ્મજ્યોતિ પર આવવાનું ઘણું ગમતું, અને આવે ત્યારે ૩-૪ દિવસ રોકાઈ તેઓ સત્સંગનો લાભ લેતા. ભગવાનના કાર્યમાં પોતાના સંતાનને જોડી પિતૃત્વ દીપાવનાર ભીખુભાઈને અંતરની વંદના ! ◆



**∗ પૂ. વિનુભાઈ પારેખ :** મોગરી નિવાસી સેવાભાવી અક્ષરમુક્ત પૂ. વિનુભાઈ પારેખ ૯ એપ્રિલ ૨૦૨૧ના રોજ અક્ષરધામ સિધાવ્યા. અનુપમ મિશનના પ્રત્યેક સંતો-ભક્તોની મહિમાથી સેવા કરતા વિનુભાઈએ ખરા અર્થમાં સત્સંગ કર્યો. સ્વભાવે શાંત અને દાસભાવે સેવાઓમાં સતત પ્રવૃત્ત રહ્યા. તેમને સંતોનો ખૂબ મહિમા હતો. અ.નિ. સાધુ પૂ. ગોપાલદાસ સાથે અંતરની પ્રીતિ થઈ પછી નાની-મોટી અનેક પ્રકારની સેવામાં જોડાવામાં તેઓ કદી સંકોચ અનુભવતા નહીં. સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોમાં અપ્રતિમ નિષ્ઠા સેવી તેઓ અદ્ભુત જીવન જીવ્યા. અનુપમ મિશનની બાલ-યુવા પ્રવૃત્તિમાં સેવાઓ અર્પણ કરી બળ આપતા અને ભક્તોની અંગત મુશ્કેલીઓમાં સદાય સાથે રહી હૂંફ આપતા. પોતાના દીકરા યોગેશને યુવાનોની ગુરુસભાનો યોગ આપ્યો તેમજ દીકરીઓ વૈશાલીબહેન, નેહાબહેનને ભક્તિ અને સેવાનો સંસ્કારવારસો આપ્યો. તેઓનાં ધર્મપત્ની રંજનબહેને પણ સેવા અને સત્સંગકાર્યમાં ખૂબ સાથ આપી સંવાદિતાપૂર્ણ ભક્તિ અદા કરી. અનુપમ મૂકસેવક વિનુભાઈને વિદાયવેળાએ અંતરની વંદના ! ◆